# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.or

:- suratdeo@gmail.com


તા.૦૩/૦૨/૨૦૨૬

જા.નં.મા-૨/૨૦૨૬/૧૭૪૭

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
સુરત જિલ્લો.

**વિષય :** પ્રેરણા કાર્યક્રમ બાબત.
**સંદર્ભ:** (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક મા-૨/૨૦૨૬/૧૭૭૦ તા.૨૮/૦૧/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે પ્રાથમિક ,માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત કવિતા રચના, સર્જનાત્મક લેખન (નિબંધ), વાર્તા /ગીત અથવા ચિત્રકામ/ ડ્રોઈંગ /કેરીકેચર વગેરે રૂપે સર્જનાત્મક અભિવ્યક્તિ બહુવિધ પ્રવૃત્તિઓનો કાર્યક્રમ આયોજિત થનાર છે. તેમાં આપની શાળાના બાળકોને સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની અમુલ્ય તક છે. તો આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે નીચે આપેલી લીંક પર ધોરણ **8** થી **11** માં અભ્યાસ કરતા વિધાર્થીઓનું વધારેમાં વધારે રજીસ્ટ્રેશન કરવા આથી જણાવવામાં આવે છે.

ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ વિધાર્થીઓ પૈકી શાળા કક્ષાએ સારામાં સારો દેખાવ કરનાર **શાળા દીઠ એક કુમાર તથા એક કન્યા ને** તારીખ- **09/02/2026** ના રોજ યોજનાર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે જવાનું રહેશે. ત્યાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિધાર્થીઓ પૈકી જિલ્લા દીઠ એક કન્યા તથા એક કુમાર ને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળશે.

કાર્યક્રમની વિગતવાર માહિતી આ સાથે પરિપત્રમાં જણાવેલ છે.

**રજીસ્ટ્રેશન કરવાનો QR Code:-.**

**આ લિંકમાં શાળામાંથી મહત્તમ બાળકોનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**
શાળા કક્ષાએ શ્રેષ્ઠ રહેલ બે બાળકો (એક કુમાર અને એક કન્યા ) ની માહિતી નીચે આપેલ લિંકમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને તારીખ : **04/02/2026** ના રોજ સવારે **11:00** કલાક સુધીમાં આપવાની રહેશે.

**શાળા કક્ષાએ શ્રેષ્ઠ રહેલ બાળક(એક કુમાર અને એક કન્યા )ની માહિતી ભરવા માટેનો QR Code:**

જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે તારીખ : **09/02/2026 ને સોમવારે**
જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે સમય : **સવારે 9:00 કલાકે**
જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે સ્થળ : **શારદાયતન સ્કૂલ, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ ,સુરત.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

**બિડાણ:** સદર શાળાઓને કાર્યક્રમની જાણ તથા અમલ સારુ.
**નકલ રવાના:-** આચાર્યશ્રી, શારદાયતન સ્કૂલ, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ ,સુરત.આ કાર્યક્રમના આયોજન અને સચારુ સંચાલન સારુ.